# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૦૯/૦૩/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## નિર્યાતકારો માટે પ્રિ એન્ડ પોસ્ટ શીપમેન્ટ એકસપોર્ટ ક્રેડીટ અંતર્ગત મળતી ઇન્ટરેસ્ટ ઇકવીલાઇઝેશન સ્કીમ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી લંબાવાઇ, ચેમ્બરે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીને રજૂઆત કરી હતી

### આ સ્કીમ હેઠળ MSME ઉદ્યોગકારોને તેના એકસપોર્ટ શીપમેન્ટ ઉપર લીધેલી બેંક ક્રેડીટ ઉપર હવે ૩ ટકાનો અને તે સિવાયનાને ૨ ટકાનો ઇન્ટરેસ્ટ સબવેન્શન મળશે

**સુરત.** નિર્યાતકારો માટે પ્રિ એન્ડ પોસ્ટ શીપમેન્ટ એકસપોર્ટ ક્રેડીટ અંતર્ગત મળતી ઇન્ટરેસ્ટ ઇકવીલાઇઝેશન સ્કીમ કે જે તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ એકસપાયર થઇ હતી તેને કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧લી ઓકટોબર ૨૦૨૧ થી તા. ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

ઇન્ટરેસ્ટ ઇકવીલાઇઝેશન સ્કીમ હેઠળ એમએસએમઇ ઉદ્યોગકારોને તેના એકસપોર્ટ શીપમેન્ટ ઉપર લીધેલી બેંક ક્રેડીટ ઉપર હવે ૩ ટકાનો અને તે સિવાયના ઉદ્યોગકારોને ૨ ટકાનો ઇન્ટરેસ્ટ સબવેન્શન મળશે. તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ એકસપાયર થયેલી આ સ્કીમને લંબાવવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા દેશના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલને લેખિતમાં રજૂઆત કરી હતી.

દરમ્યાન ૮ માર્ચ, ૨૦૨૨ ના રોજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશનમાં નિર્યાતકારો માટે પ્રિ એન્ડ પોસ્ટ શીપમેન્ટ એકસપોર્ટ ક્રેડીટ અંતર્ગત મળતી ઇન્ટરેસ્ટ ઇકવીલાઇઝેશન સ્કીમને તા. ૧લી ઓકટોબર ૨૦૨૧ થી તા. ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી લંબાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

ઉપરોકત જાહેરાત માટે ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલ તથા વાણિજ્ય મંત્રાલય અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાનો આભાર માન્યો હતો.